# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૧/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **મહિલાઓને પ્રતિનિધિત્વ નહીં આપીને કોંગ્રેસે મહિલાઓનું અપમાન કર્યું છે : સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા.**
- ગાંધી પરિવારની વહુ હોવાના કારણે જ સોનિયા ગાંધી કોંગ્રેસ પાર્ટીની રાષ્ટ્રીય અધ્યક્ષા છે બાકી મહિલાઓ માટે કોંગ્રેસમાં કોઈ સ્થાન નથી
- મહિલાઓનું અપમાન કરવામાં કોંગ્રેસે ક્યારેય કોઈ કસર બાકી રાખી નથી
- કોંગ્રેસની મહિલા વિરોધી માનસિકતાનો સુરતની મહિલાઓ કોંગ્રેસને જડબાતોડ જવાબ આપશે.

જે પાર્ટીની રાષ્ટ્રીય અધ્યક્ષા મહિલા છે. જે પાર્ટી સમાન અધિકારની વાતો કરે છે તે કોંગ્રેસ પાર્ટીએ સુરતની 12 વિધાનસભા સીટ પૈકી એક પણ બેઠક સુરતની મહિલાઓને ન ફાળવીને સુરતની મહિલાઓનું ઘોર અપમાન કર્યું છે તેમ ભારતીય જનતા પાર્ટી, સુરત

મહાનગરના અધ્યક્ષશ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ એક નિવેદનમાં જણાવ્યું છે.

કૉંગ્રેસની મહિલા વિરોધી માનસિકતાને સખત શબ્દોમાં વખોડી નાખતાં શહેર અધ્યક્ષશ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ વધુમાં જણાવ્યું કે મહિલા હોય, યુવાન હોય, સીનીયર સિટીઝન હોય, કોઈ પણ જ્ઞાતિ-જાતિ હોય, કોઈ પણ સમાજ હોય કોંગ્રેસે હંમેશા તેઓનો વોટ બેંક તરીકે જ ઉપયોગ કર્યો છે. મહિલાઓના વિકાસની સૂફીયાણી વાતો કરનારી કૉંગ્રેસે મહિલાઓનું અપમાન કરવામાં પણ ક્યારેય કોઈ કસર બાકી રાખી નથી. કૉંગ્રેસના નેતાઓએ મહિલાઓ વિશે વારંવાર અભદ્ર ટિપ્પણી કરી અસંખ્ય વાર મહિલાઓનું અપમાન કર્યું હોવાના અનેક દાખલા છે. સોનિયા ગાંધીએ "ગાંધી પરિવાર" ની વહુ છે તે એક માત્ર યોગ્યતાના કારણે જ આજે તેઓ કૉંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ છે. બાકી મહિલાઓ માટે કૉંગ્રેસમાં કોઈ સ્થાન નથી. પરંતુ નવાઈની વાત એ છે કે જે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષા મહિલા હોય તે કોંગ્રેસ પાર્ટીએ સુરતની 12 વિધાનસભા સીટ પૈકી એક પણ બેઠક મહીલાઓ ને નહીં ફાળવીને સુરતની મહિલાઓ નું ઘોર અપમાન કર્યું છે. સુરતની મહિલાઓ કૉંગ્રેસના આ અપમાન નો બદલો જરૂરથી લેશે અને મહિલા વિરોધી કૉંગ્રેસને ભોંયભેગી કરી દેશે.